ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૯ ટકા

# જાણીતા અભિનેતા જનક ઠક્કર બેસ્ટ એક્ટર એવોર્ડ માટે નોમિનેટ



મુંબઈમાં દર વર્ષે યોજાતા નામાંકિત ટ્રાન્સમીડિયા એવોર્ડમાં ધારાવાહિક 'સુરી'માં સરપંચનું પાત્ર ભજવતા જનક ઠક્કરને બેસ્ટ એક્ટરના એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યા છે.

ટ્રાન્સમીડિયા દર વર્ષે એવોર્ડ ફંકશનનું આયોજન કરીને પ્રભાવશાળી કલાકારોને એવોર્ડ આપીને સન્માનિત કરે છે. ટ્રાન્સમીડિયાના ૧૭મા વાર્ષિક એવોર્ડ ફંકશનમાં નોમિનેટ થયેલા જનક ઠક્કર બહુમુખી પ્રતિભા ધરાવે છે. તેઓ ઘણી બધી હિન્દી-ગુજરાતી ધારાવાહિકો તેમજ ફિલ્મોમાં કામ કરી ચુકયા છે તેમજ ગાંધીનગર તથા ડીસાના સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. જનક ઠક્કર અભિનેતા હોવા ઉપરાંત ભાજપના યુથવીંગના કન્વીનરની પદવી પણ ધરાવે છે. તેઓ વારંવાર સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરતા સોશિયલ એકિટવિસ્ટ પણ છે. કલર્સ ગુજરાતી પર આવતી 'સુરી' સીરિયલ સતત બે વર્ષથી નંબર વન રહી ચુકી છે. જનક ઠક્કરે આ સીરીયલમાં સરપંચની ભૂમિકા ભજવીને સમગ્ર ગુજરાતમાં ખૂબ લોકચાહના મેળવી છે. સીરીયલમાં તેમની સરપંચ તરીકેની વાકછટાથી પ્રભાવિત થઈને લોકો તેમને 'સરકાર' કહીને સંબોધે છે.

# પેથાપુરમાં પાણીનો બગાડ કરાતો હોવાની ફરિયાદો

## પેથાપુર નગરપાલિકાએ સત્વરે જાગૃત થઈ પાણીનો દુર્વ્યય અટકાવવા પગલા ભરવા માંગ : કાદવકિચડથી રાહદારીઓ-વાહન ચાલકો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર પાસેના પેથાપુરમાં પાણીના બગાડની ફરિયાદો ઉઠવા પામી છે. એક તરફ પાણીના અભાવે જ્યાં રાજ્ય સરકારે ખેડૂતોને ઉનાળુ વાવેતર કરવાનું માંડી વાળવા વિનવણી કરવી પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. તેવા સંજોગોમાં ગ્રામીણ વિસ્તારમાં રસ્તા પર છાંટવા માટે કરાતો પાણીનો બગાડ અટકાવવો જરૂરી જણાય છે. પેથાપુર નગરપાલિકા દ્વારા નાગરિકો દ્વારા કરાતા પાણીના દુર્વ્યયને સત્વરે અટકાવાય તેવી જાગૃત નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે. આ પ્રકારે પાણીનો બગાડ પેથાપુરના સુથારવાસ, સિટી સર્વે ઓફિસ તેમજ અન્ય સ્થળોએ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે કાદવ-કિચડ થવાની સમસ્યા પણ ઉભી થઈ રહી છે.

પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં અનેક જગ્યાએ રસ્તા પરની ધૂળ ના ઉડે તે માટે પાણીનો વધુ પડતો છંટકાવ કરી બેફામ બગાડ કરવામાં આવી રહ્યો છે. જે ઈસમો દ્વારા આ રીતે પાણીનો બગાડ કરાય છે તેઓ સલાહ આપનાર સાથે ઝઘડી પડતા હોવાથી કોઈ તેમને અટકાવતુ નથી. પરંતુ બેફામ રીતે કરાતા પાણીના બગાડને જોઈ જાગૃત રહીશોના જીવ બળી રહ્યાં છે. જળ એ જીવન છે અને હાલમાં રાજયમાં પાણીની ખેંચ વર્તાઈ રહી હોવાથી દરેક નાગરિકેપાણી બચાવીને વાપરવુ જોઈએ તથા તેને વેડફવુ ના જોઈએ તેવો મત આ જાગૃત નાગરિકો વ્યકત કરી રહ્યાં છે. આ સંજોગોમાં પેથાપુર નગરપાલિકાએ સત્વરે જાગૃત થઈ પાણીનો દુર્વ્યય કરતા તત્વો સામે કડક પગલાં ભરવા સાથે પાણીનો બગાડ અટકાવવો જોઈએ તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી રહી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા રજત જયંતિ વર્ષ નિમિત્તે મંગલ મહોત્સવમાં બપોરે ૧ થી ૩ સંગીત સંધ્યા, બપોરે ૩ થી ૫ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના આશીવર્ચન સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે તથા સાંજે ૫.૩૦ કલાકે છપ્પનભોગ બડોભોગ મનોરથ સે-૨૧ હવેલી ખાતે યોજાશે.




બસો બ્યાંશી નવ પરગણા ગુરૂબ્રાહ્મણ સમાજ આયોજિત ૧૬મો સમૂહ લગ્નોત્સવ પ્રમુખ બાબુલાલ શ્રીમાળીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં સમાજના અગ્રણીઓ તથા જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા.

## ટાયર ચોરો બેફામ અને બેલગામ

# પાટનગરમાં હવે બાઈકના ટાયરો પણ સલામત નથી...!

ગાંધીનગર, તા.૭

પાટનગરમાં ચોરો બેફામ અને બેલગામ બન્યા છે. ટાયર ચોરો સક્રીય થયા બાદ તેમણે સેકટર-૨૮ અને સેકટર-૬માંથી ગાડીના ચારેય ટાયરો ચોરી કર્યા ઉપરાંત હવે બાઈકના ટાયરને પણ છોડયું નથી. સે-૧૩ પ્લોટ નં. ૨૮/૫ ખાતે રહેતા ઘરમવીર શ્રી સાધુરામ શર્માએ ઘર આંગણે પાર્ક કરેલા તેમના સ્પ્લેન્ડર બાઈક નં. ડી.એલ. ૯ એસ.એકસ ૭૨૭૯ને ટાયરચોરતી ગેંગે ટાર્ગેટ કર્યું હતું. સ્પ્લેન્ડર બાઈકનું પાછળનું ટાયર ચોરી કરી ગેંગ ફરાર થઈ ગઈ હતી. આ મામલે સે-૭ પોલિસ સ્ટેશનમાં ઘરમવીર શર્માએ ફરિયાદ આપી છે જે આધારે પોલિસે તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● બુધવારે સવારે મુખ્યમંત્રીનો કાફલો જયારે પ્લાસ્ટ ઈન્ડિયા એકિઝબીશનના ઉદઘાટન માટે નીકળવાનો હતો તે સમયે વિધાનસભા સામેના માર્ગ પર ગંભીર ટ્રાફિક જામ થયેલો હતો. ટ્રાફિક જામને ખુલ્લો કરવા ટ્રાફીક પીઆઈ સહિતનો પોલિસ કાફલો દોડતો થઈ ગયો હતો અને ઘણા બધા વાહનો ટૉ કરવામાં આવ્યા હતા.

● સે-૭ પોલિસ સ્ટેશને ભાડુઆતની નોંધણી કરાવવા પહોંચેલા પાંચેક અરજદારોને આ પ્રક્રિયા હવે ઓનલાઈન કરી દેવાઈ છે તેવો જવાબ પોલિસ સ્ટેશનેથી પ્રાપ્ત થતા તેમણે ઓફલાઈન નોંધણી થાય તો કરવા અથવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કેવી રીતે કરવું તે અંગે માહિતી પુરી પાડવા વિનંતી કરી હતી. જો કે પોલિસ સ્ટેશનથી જવાબ મળ્યો હતો કે ઓફલાઈન નોંધણી તો નહીં થઈ શકે પરંતુ ઓનલાઈન કેવી રીતે કરવું તે તમે શોધી લેજો, અમને ખબર નથી.

● પ્લાસ્ટ ઈન્ડિયા એકસ્પોના પગલે સાંજના ઓફિસો છુટવાના સમયે પોઈન્ટની બસોના બસસ્ટેન્ડ તેમજ ચ રોડ, ઘ રોડ અને ખ રોડ પર ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. પાંચ દિવસના આ અકસ્પો દરમિયાન શહેરના વાહનચાલકોએ ટ્રાફિક જામથી ટેવાવું પડશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

## શુક્રવારે સે-૨૪ અંબાજી મંદિરનો પ્રથમ પાટોત્સવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતેના બજારની મધ્યામાં સ્થિત અંબાજી માતાના મંદિરે તા. ૯મી ફેબ્રુઆરીના રોજ પ્રથમ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે મા અંબાજીની શોભાયાત્રા સાથે કરાશે. ત્યારબાદ ૯.૩૦ કલાકે નવચંડી યજ્ઞ યોજાશ. બપોરે ૧૨.૩૯ કલાકે માતાજીના મંદિરે ધજાઆરોહણ કરવામાં આવશે. ત્યાર બાદ સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન આનંદનો ગરબો કરી પૂર્ણાહુતિ કરાશે. આ પાટોત્સવનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગર કોર્પોરેશનમાં રાષ્ટ્રીય કૃમિ મુકિત દિવસની ઉજવણી કરાશે

નેશનલ ડી-વોર્મિંગ ડે ૧૦ ફેબ્રુઆરી-૨૦૧૮ના કાર્યક્રમમાં રાષ્ટ્રના ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને કૃમિથી મુકિત અપાવવા વર્ષમાં ઓગષ્ટ અને ફેબ્રુઆરી આમ બે વાર ૧ થી ૧૯ વર્ષની ઉંમર ધરાવતા બાળકોને કૃમિ નાશક આલ્બેન્ડાઝોલ નામની ટેબલેટ ખવડાવવામાં આવે છે.

ચાલુ વર્ષમાં પણ હાલ ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે વર્ષના બીજા રાઉન્ડની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર કોર્પોરેશનની આંગણવાડી, પ્રા. શાળા, માધ્યમિક શાળા તેમજ અન્ય સંસ્થાઓ મળી કુલ ૨૨૫ સંસ્થાઓના ૬૧,૪૪૦ બાળકોને કૃમિ નાશક ગોળીથી આવરી લેવાનું આયોજન છે. હાલ તા. ૧૦ ફેબ્રુઆરીથી આ કાર્યક્રમ શરુ કરવામાં આવશે અને તા. ૧૫ ફેબ્રુઆરીના મોપ-અપ રાઉન્ડથી બાકી રહેતા બાળકોને પણ આવરી લઈ કાર્યક્રમને સફળ બનાવવાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને સુપરવિઝન ગાંધીનગર કોર્પોરેશનના મેડિકલ ઓફિસરશ્રી ડૉ. કલ્પેશ આઈ. ગોસ્વામી દ્વારા હાથ ધરાશે.

## મહિલા અને બાળ વિભાગના કર્મચારીનું ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી પાકીટ ચોરાયું : ૨૪ હજારની ચોરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પહોંચેલા સે-૧૪માં રહેતા અને સચિવાલયમાં નોકરી કરતા કર્મચારીનું પાકીટ કોઈ ગઠીયો સેરવી ગયો હોવાની ઘટના બની હતી. વડનગરની બસમાં ચઢતી વખતે ભીડભાડનો લાભ લઈ ધક્કામુક્કી કરીને ગઠીયાએ કર્મચારીનું રૂ. ૨૪ હજારની મત્તા ભરેલું પાકીટ સેરવી લીધું હતું. આ મામલે સે-૭ પોલિસે કર્મચારીની ફરિયાદ લઈ ડેપોના કેમેરાના ફુટેજ મેળવી પીક પોકેટર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

શહેરના સેકટર-૧૪ પ્લોટ નં. ૧૪૭/૧ ખાતે રહેતા શ્રેયાંશભાઈ ચંદ્રસિંહ રાણા સચિવાલય ખાતે મહિલા અને બાળ વિભાગમાં નોકરી કરે છે. સોમવારે સવારે શ્રેયાંશભાઈ તેમની પત્નિ અને દિકરીને લઈને વડનગર જવા માટે ગાંધીનગર એસ.ટી.ડેપો પહોંચ્યા હતા. વડનગરની બસ આવી એટલે ભીડભાડમાં બસમાં ચઢી રહેલા શ્રેયાંશભાઈને અહેસાસ થયો કે કોઈએ તેમના ખિસ્સામાં હાથ નાંખ્યા. શ્રેયાંશભાઈએ ઉતરીને જોયું તો ખિસ્સામાંથી તેમનું પાકીટ ગાયબ હતું. તેમના પાકીટમાં રૂ. ૨૩,૬૦૦ રોકડા અને મેમરી કાર્ડ મળી રૂ. ૨૪ હજારની માલમત્તા હતી. શ્રેયાંશભાઈએ સે-૭ પોલિસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરીને એસ.ટી. ડેપોના સીસીટીવી ફુટેજ મેળવી પીક પોકેટરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા રૂપાલ ખાતે આરોગ્યલક્ષી કેમ્પ યોજાયો

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા રૂપાલ ગામ ખાતે આરોગ્ય વિષયક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૩ મહિલાઓના નિ:શુલ્ક પેપ ટેસ્ટ તથા ૫ મહિલાઓની નિ:શુલ્ક મેમોગ્રાફી કરવામાં આવી હતી. આ ઉપરાંત ૪૯૦ દર્દીઓની આંખોની ચકાસણી કરીને તેમાંથી ૪૦૦ દર્દીઓને ૨૦ રૂપિયાના રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ મેગા કેમ્પમાં ૫૦ દર્દીઓની આયુર્વેદિક પધ્ધતિથી દંત-ચિકિત્સા તથા ૬૦ દર્દીના મધુપ્રમેહની નિ:શુલ્ક ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, આ કેમ્પમાં કેન્સરના દર્દીઓના લાભાર્થે યોજાયેલ રકતદાન શિબિરમાં કુલ ૩૪ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા ઉદાસીનતા અને આત્મહત્યા નિવારણ તાલિમ યોજાઈ




ગાંધીનગર, તા.૭

કામધેનુ યુનિવર્સિટી દ્વારા ૧૮મા વિચાર મંથન કાર્યક્રમ અંતર્ગત નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ, સિવીલ હોસ્પિટલ, ગાંધીનગરના સહયોગથી ઉદાસીનતા રોગ અને આત્મહત્યા નિવારણ માટે જાગૃતિ લાવવા માટે ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કામધેનુ યુનિવર્સિટી હેડકવાર્ટર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કામધેનુ યુનિ.ના મા. કુલપતિ ડૉ. પી.એચ. વાટલીયાએ વિશેષ ઉપસ્થિત રહી જણાવ્યું કે, મનોવિજ્ઞાન અને મનોચિકિત્સાની સમજ એ સમાજ માટે ખૂબ જ જરુરી છે. આ સમજણ થકી સમાજ સામેના આત્મહત્યા જેવા ભયંકર વિચારોમાંથી બહાર લાવવા માટે સામાજીક જાગૃતતા ખૂબ જ મહત્વની બની રહે છે. આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં કામધેનુ યુનિવર્સિટીના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર તાલીમ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના ડૉ. દિશા સાયકીયાટ્રીસ્ટ તથા ડૉ. દેવાંગી સોની, કલીનીકલ સાયકોલોજીસ્ટ દ્વારા આપવામાં આવેલ હતી. આ સમગ્ર તાલીમનું સફળ સંચાલન કામધેનુ યુનિવર્સિટીના નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ ડૉ. ભાવિક પટેલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાઈ ખાતે વિવિધ રમતોમાં ખેલ પ્રતિભા શોધ માટે સિલેકશન ટ્રાયલ્સનું આયોજન

ગાંધીનગર, તા.૭

વિવિધ રમતક્ષેત્રે છુપી પ્રતિભાઓને ઓળખી તેમને અદ્યતન તાલીમ સાથે ભવિષ્ય માટે તૈયાર કરવા ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન તાલીમ કેન્દ્ર ખાતે તા. ૧૪મી ફેબ્રુઆરીથી તા. ૧૬મી ફેબ્રુઆરી દરમિયાન સિલેકશન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિલેકશન ટ્રાયલમાં પસંદગી પામનાર ખેલાડીઓને સાઈ ખાતે તમામ જરુરી સુવિધાઓ સાથે તાલીમ પુરી પાડી તેમની પ્રતિભાને પ્રદર્શિત કરવા મોકો આપવામાં આવશે. આ પસંદગી પ્રક્રિયામાં વ્યકિતગત રમતમાં ૧૨ થી ૮ વર્ષની વયના અને ટીમ રમતમાં ૧૦ થી ૧૪ વર્ષની વયના ખેલાડીઓ સામેલ થઈ શકશે.

રાજયમાં વિવિધ રમતોમાં છુપી બાળ પ્રતિભાઓ રહેલી છે. આ ખેલ પ્રતિભાઓને મેદાન પુરું પાડવા સાથે નિષ્ણાંત તાલીમ તથા વૈજ્ઞાનિક ઢબનું પીઠબળ પુરું પાડવાના હેતુથી સિલેકશન ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી પ્રક્રિયામાં પુરુષ અને મહિલા એમ બંને વિભાગમાં એથ્લેટિકસ, હેન્ડબોલ, સ્વિમીંગ, કુસ્તી, વૉલીબૉલ અને બોકિંસગ તેમજ માત્ર પુરુષ વિભાગમાં બાસ્કેટબૉલ, ફુટબૉલ અને હૉકી રમતો માટે ખેલાડીઓ સામેલ થઈ શકશે. પસંદગી પ્રક્રિયામાં વ્યકિતગત રમત માટે વય મર્યાદા ૧૨ થી ૧૪ વર્ષ જયારે ટીમ રમત માટેની વય મર્યદા ૧૦ થી ૧૪ વર્ષ રાખવામાં આવેલી છે. આ પસંદગી પ્રક્રિયામાં જિલ્લા, રાજય કે રાષ્ટ્રીય સ્તરે અથવા તેની સમકક્ષ સ્પર્ધાના રાષ્ટ્રીય સ્તરના ફેડરેશન દ્વારા પ્રમાણિત ખેલાડીઓ ભાગ લઈ શકશે.

સિલેકશન ટ્રાયલ્સમાં પસંદગી પામનાર ખેલાડીઓને સાઈ દ્વારા એક વર્ષમાં ઓછામાં ઓછા ૩૩૦ દિવસની નિષ્ણાંત પ્રશિક્ષક દ્વારા તાલીમ અપાશે તેમજ તાલીમ દરમિયાન રહેવા જમવાની સુવિધા નિ:શુલ્ક પુરી પાડવામાં આવશે. પસંદગી પામનાર ખેલાડીઓને રમતગમતની કીટ, મેડિકલ સુવિધા તથા વિમાકવચ, શિક્ષણ ખર્ચ વગેરે પુરી પાડવા સાથે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક પણ પુરી પાડવામાં આવશે. ખેલાડીઓએ પસંદગી પ્રક્રિયામાં સામેલ થવા સ્વ ખર્ચે તેમના તમામ ઓરિજિનલ પ્રમાણપત્રો તેની પ્રમાણિક નકલ સાથે રજૂ કરવાના રહેશે.

### કઈ રમતો માટે પસંદગી પ્રક્રિયા યોજાશે?

**પુરુષ-મહિલા બંને વિભાગ માટે**

- એથ્લેટિકસ
- હેન્ડબૉલ
- સ્વિમીંગ
- કુશ્તી
- વૉલીબૉલ
- બોકિંસગ

**માત્ર પુરુષ વિભાગ માટે**

- બાસ્કેટબૉલ
- ફુટબૉલ
- હૉકી

**વ્યકિતગત રમત માટે ૧૨ થી ૧૮ વર્ષ અને ટીમ રમત માટે ૧૦ થી ૧૪ વર્ષની વય મર્યાદા : પસંદગી પામનાર ખેલાડીઓને રહેવા-જમવા સાથે પ્રશિક્ષણ સહિતની અનેક સુવિધાઓ પુરી પડાશે**

# સે-૨૮ જીઆઈડીસીમાંથી વધુ એક દારૂ ભરેલી ગાડી પકડાઈ

## રૂ. ૪.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત : વર્ના ગાડી મુકીને બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી એક જ મહિનામાં દારૂ ભરેલું એક ગોડાઉન, દારૂનું ચાલતું કટીંગ, દારૂની હેરાફેરી કરતી એક ગાડી અને દારૂની બોટલો સંતાડીને રાખેલી ફેકટરીની ઓરડી પકડાઈ ચુકેલી છે. આજે વધુ એક ગાડી વિદેશી દારૂની બોટલોથી ભરેલી હાલતમાં સે-૨૮ જીઆઈડીસીમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

સેકટર-૨૧ પી.આઈ. નિરજ પટેલ અને તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. દરમિયાન જીજે ૦૧ કે.એફ. ૨૬૦૦ નંબરની વર્ના ગાડી શંકાસ્પદ હાલતમાં ઉભેલી હતી. પોલિસ ગાડી પાસે ચેકીંગ કરવા પહોંચી એટલે વર્નામાં બેઠેલો બુટલેગર ગાડી મુકીને ભાગ્યો હતો. પોલિસે ગાડીમાં તપાસ કરતા અંદરથી ૪૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૧૯૨૦૦ની કિંમતનો દારૂ તથા ચાર લાખની ગાડી મળીને કુલ રૂ. ૪.૧૯ લાખનો મુદ્દામાલ સે-૨૧ પોલિસે જપ્ત કરી લીધો છે. અંધારામાં દારૂ ભરેલી વર્ના ગાડી મુકીને ભાગી ગયેલા શખ્સને ગાડીના નંબર આધારે પકડી પાડવા સે-૨૧ પોલિસે તપાસ તેજ બનાવી છે.

# ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે લઘુરૂદ્રનું આયોજન

ગાંધીનગર, તા.૭

સમસ્ત બ્રહ્મસમાજ સંચાલિત શ્રી સોમનાથ મહાદેવના પાટોત્સવ તથા મહાશિવરાત્રી નિમિત્તે ૧૩મી ફેબ્રુઆરીને મંગળવારે શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સેકટર-૧૬ ખાતે સવારે ૮.૩૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રી નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિરને ફૂલોનો ભવ્ય શણગાર કરવામાં આવશે. આ ઉપરાંત સાંજે ૭ વાગ્યે ધૂપ આરતી સાથે મહાઆરતી કર્યા બાદ ભકતોને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. રાત્રિ દરમિયાન પ્રહરપૂજા તથા ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. લઘુરૂદ્રમાં બેસવા શ્રી સોમનાથ મહાદેવ મંદિરનો સંપર્ક કરી શકાશે. આ કાર્યક્રમનો લાભ લેવા માટે ભાવિક ભકતોને શ્રી સોમનાથ સમિતિના પ્રિતેશ વ્યાસ, મહેન્દ્ર વ્યાસ તથા કમલેશ ઉપાધ્યાય દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## શહેર પેન્શનર્સ સમાજના ઉપપ્રમુખ સોમાભાઈ પરમારનું નિધન

ગાંધીનગર, તા.૭

શહેરના કર્મઠ સેવાભાવી સજ્જન સ્વ. સોમાભાઈ પરમારનું આજે સવારે ૮૨ વર્ષની વયે નિધન થયું છે. સેકટર-૨૭માં રહેતા સ્વ. સોમાભાઈ પરમાર હોસ્પિટલમાં હ્દયરોગની સારવાર લઈ રહ્યા હતા. સદગતની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો જોડાયા હતા. તેઓ શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓમાં ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જાગૃત નાગરિક પરિષદ, ગાંધી મિત્ર વર્તુળ, 'ત્રિદલ' સાહિત્યસભા તેમજ પેન્શનર્સ સમાજના ઉપપ્રમુખ તરીકે સેવા આપતા હતા.

### ચિરવિદાય

- સ્વ. સોમાભાઈ ઘનાભાઈ પરમાર, ઉ.વ. ૮૩
- સ્વ. વિનોદભાઈ વિસરામભાઈ રાજપુત, ઉ.વ. ૮૮
- સ્વ. તારાબેન કુંવરજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર નવીનજી છગાજી, ઉ.વ. ૪૨